Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે સામુદાયિક સુરક્ષા વધારવા what3words સાથે ભાગીદારી કરી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 5, 2021) – બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે what3words સાથે ભાગીદારી કરી છે, જેઓ iOS (આઈફોન-ઓ.એસ.) અને Android (એન્ડ્રોઈડ) માટે એક મફત મોબાઈલ ઍપ બનાવશે જેનાથી દુનિયાને 3 મી. સ્ક્વેર્સમાં વિભાજીત કરી છે જેમાં દરેક 3 અજોડ શબ્દનું સરનામું ધરાવે છે.

સીટી ઓફ બ્રેમ્પટન પોતાના સમુદાયની સુખાકારી માટે સમર્પિત છે. what3words ઘટના સ્થળે વધારે ઝડપથી રવાનગી સક્ષમ બનાવીને, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને વધારે સચોટ સ્થળની ઓળખ આપીને કટોકટીના કૉલ્સને પ્રતિસાદ આપવા દેશે, જે કટોકટી સમયે નિર્ણાયક હોય છે. તેઓ ખોવાયેલા કે સહાયતાની જરૂરિયાત ધરાવતા લોકોને શોધવામાં મદદ કરીને અને કટોકટીમાં સચોટપણે મદદ જરૂરી હોય તેનું વર્ણન કરીને જીવન-રક્ષક સેવાઓ પહોંચાડવામાં સહાયરૂપ થાય છે.

**what3words શું છે?**

what3words કોઈ સ્થળ વિશે વાત કરવાની એક ખરેખર સરળ રીત છે. તેઓએ દુનિયાને 3 મી. સ્ક્વેર્સમાં વિભાજીત કરી છે જેમાં દરેક 3 અજોડ શબ્દનું સરનામું ધરાવે છે. તેનો અર્થ એ થાય કે દરેક વ્યક્તિ, દરેક જગ્યાએ કોઈપણ સચોટ સ્થળનો ઉલ્લેખ કરી શકે છે – માત્ર 3 શબ્દોનો ઉપયોગ કરીને – એક ઈમારતના ચોક્કસ પ્રવેશદ્વારથી માંડીને હાઈકિંગ ટ્રેઈલ (નિર્ધારિત ચડાણ માર્ગ) પરનું એક બિંદુ અથવા એક વિસ્તારની દૂરસ્થ જગ્યા (રિમોટ સ્પોટ).

જો કોઈ વ્યક્તિ કટોકટીની પરિસ્થિતિમાં હોય અને પોતાના સ્થળનું વર્ણન કરવામાં સંઘર્ષ કરી રહી હોય તો, તેઓ પોતાના સ્થળની વિગતો સહેલાઈથી અને સચોટપૂર્વક પૂરી પાડવા what3words નો ઉપયોગ કરી શકે છે. એક વ્યક્તિ what3words ઍપ ખોલીને પોતાના હાલના સ્થળ માટે what3words સરનામું શોધી શકે છે. what3words તે 3 મી. સ્ક્વેરના સ્થળ માટે 3 શબ્દો દેખાડશે અને કૉલર ફાયર વિભાગને રવાનગી કરવાની વિગતો પૂરી પાડી શકે છે, જેથી આ વિગતો રવાનગી માટેનું સચોટ સ્થળ ઓળખવાના હેતુસર કંટ્રોલ રૂમમાં what3words નકશામાં પૂરી પાડી શકાય છે.

જો કોઈ વ્યક્તિ પાસે પોતાના ફોન પર what3words ઍપ ઈન્સ્ટૉલ કરેલી હોય તો – તે ઓફલાઈન કાર્યરત રહે છે, જેથી તેઓ વાઈ-ફાઈ (Wi-Fi) કે મોબાઈલ ડેટા વગર પોતાનું 3 શબ્દનું સરનામું શોધી શકે છે. આ નકશો ડાઉનલોડ ન થાય તો પણ 3 શબ્દનું સરનામું હજુ પણ દેખાશે.

what3words પોતાના વપરાશકારોના સ્થળનું પગેરું રાખતું નથી, તે વપરાશકારોને પોતાનું સ્થળ વહેંચવા માટેની પદ્ધતિ પૂરી પાડે છે. what3words પોતાની મોબાઈલ ઍપ અને નકશાના સ્થળની અંદર કરેલી શોધોનો રૅકોર્ડ રાખે છે, અને તે નગર કે શહેરને જાણી લેશે જેમાંથી શોધો કરવામાં આવી હતી, પણ તે એકલદોકલ સ્તરે સ્થળ ડેટા રાખતું નથી.

what3words પર વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca

**અવતરણો (ક્વૉટ્સ):**

"સીટી ઓફ બ્રેમ્પટનમાં એક આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર તરીકે અમારા માટે સામુદાયિક સુરક્ષા સૌથી મહત્વની બાબત છે. what3words મોબાઈલ ઍપ કટોકટીમાં જરૂરિયાતના સમયે કૉલ્સને વધારે ઝડપથી અને સચોટપણે પ્રતિસાદ આપવામાં મદદ કરીને, આપણી ફાયર એન્ડ

ઈમરજન્સી સર્વિસીસ ટીમને વધારે સચોટ સ્થળ ઓળખ પૂરી પાડશે. હું બધાં બ્રેમ્પટનવાસીઓને આ સંભવિતપણે જીવન-રક્ષક ઍપ ડાઉનલોડ કરવા પ્રોત્સાહિત કરું છું."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન એક નવીન શહેર છે, અને અમે આપણાં રહેવાસીઓને પૂરી પાડીએ છીએ તે સેવાઓ સુધારવાની નવી રીતો સતતપણે શોધતા રહેવા સમર્પિત છીએ. what3words કોઇ સચોટ સ્થળનો ઉલ્લેખ કરવાની એક સરળ રીત છે, જે કટોકટીની પરિસ્થિતિઓમાં આપણાં સમુદાયનું સંરક્ષણ કરવા આપણાં સમર્પિત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓ દ્વારા લેવાતા સમયને માત્ર વધારે ઝડપી બનાવશે."

- *રૉવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર,વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"એક સુસંચાલિત શહેર તરીકે, અમે હંમેશા અમારા રહેવાસીઓને લાભ આપવા મૂલ્યવાન ભાગીદારીઓની રીતો શોધતા રહીએ છીએ. what3words સાથે ભાગીદારી કરીને, પોતાને કટોકટીની પરિસ્થિતિનો સામનો કરતા જોતી બ્રેમ્પટનમાંની કોઈપણ વ્યક્તિ પોતાનું સ્થળ સહેલાઈથી અને સચોટપણે ફાયર વિભાગ સાથે રવાનગી માટે વહેંચી શકશે. આનાથી બહુ જરૂરિયાતની સ્થિતિમાં સમય બચશે, અને બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓ સહાયતા શોધતી વ્યક્તિને સહેલાઈથી અને ઝડપથી શોધી શકશે."

- *ચાર્માઈન વિલિયમ્સ (Charmaine Williams), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 7 અને 8; ઉપ-પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"what3words દુનિયાને 3 મીટર સ્ક્વેર્સમાં વિભાજીત કરીને, જેમાંથી દરેક 3 શબ્દના સરનામા સાથે, સ્થળ વિશે વાત કરવાનું સરળ બનાવે છે. તાણભરી કે ભયજનક પરિસ્થિતિઓમાં સ્થળ જેવી વિગતો પર ધ્યાન આપવું મુશ્કેલભર્યું બની શકે છે, પણ કટોકટીમાં દરેક સેકન્ડ મહત્વની હોય છે. કટોકટીના સમયે, આપણાં સમુદાયને સેવા આપવા what3words આપણને બ્રેમ્પટનમાં સચોટપણે અને ઝડપથી કોઈપણ જગ્યાએ પહોંચાડવામાં આપણી બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ટીમ માટે સચોટ સ્થળ શોધી કાઢવામાં મદદરૂપ થશે."

- *બિલ બોય્સ (Bill Boyes), ચીફ઼, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"સીટી ઓફ઼ બ્રેમ્પટનમાં, અમે કાઉન્સિલની અગ્રતાની પરિભાષા - બ્રેમ્પટન એક આરોગ્યપ્રદ અને સુરક્ષિત સ્થળ રહે - તેને આગળ વધારવા સમર્પિત છીએ, અને અમારી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની ટીમ અમે તેમ કરીએ તે માટે અનિવાર્ય ભૂમિકા ભજવે છે. what3words સાથેની આપણી ભાગીદારી ગમે તે સ્થળે જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓને ઝડપથી અને સચોટપણે પહોંચાડીને આપણાં સમુદાયની સુરક્ષા વધારશે."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ઼ બ્રૅમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca